વડીલોને વંદન અભિનંદન

મગનભાઈ જી. પટેલ
(૧૯૪૩) મો.૯૫૭૪૫૬૪૯૫૬

ચંદ્રાબેન શ્રીમાળી
(૧૯૫૦) મો.૯૫૮૬૧૭૪૪૬૮

ભોળાભાઈ પટેલ બીબીએ કોલેજ ખાતે વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના ૫૦માં જન્મ દિવસની ઉજવણી નગરની તમામ સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને નગરજનો દ્વારા ધામધૂમ પૂર્વક કરવામાં આવી ત્યારે જન્મદિવસ નિમિત્તે ભોળાભાઈ પટેલ, બીબીએ કોલેજ, વન વિભાગ, અને વનશ્રી નેચર કલબ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

સરકાર દ્વારા ૬૫મો વન મહોત્સવ મનાવવામાં આવ્યો ત્યારે નગરને હરિયાળું બનાવવા બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન, વનશ્રી નેચર કલબ અને વન વિભાગના સહિયારા પ્રયાસથી મેગા ટ્રી પ્લાન્ટેશન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બીબીએ કોલેજના ૧૧૫ વિદ્યાર્થીઓ અને નેચર કલબના ૫૦ સ્વયંસેવકોદ્વારા નગરના ૧ થી ૩૦ સેકટરોમાં વૃક્ષો રોપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રા. માર્ગી દેસાઈ, શ્રીમતી અંજના નિમાવત, ડી.એફ.ઓ. પ્રકાશભાઈ રાવલ, આર.એફ.ઓ. ભરતભાઈ સોલંકી તેમજ પ્રો. ડૉ. રમાકાન્ત પુષ્ટી હાજર રહ્યા હતાં.

મહિલાઓ અનેકવિધ ક્ષેત્રમાં અગ્રેસર બની સફળ થઈ રહી છે : રાણા

ગાંધીનગર મનપા આયોજિત મહિલા જાગૃતિ સંમેલન

ગાંધીનગર, તા.૨

નારી શકિતમાં આવેલી જાગૃતિ હવે એક ક્રાંતિ તરફ આગળ વધી રહી છે તેમ મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ આજે ગાંધીનગર મનપા આયોજિત મહિલા જાગૃતિ સંમેલનને સંબોધતાં કહ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે પુરુષ સમોવડી થઈ મહિલાઓ હવે અનેકવિધ ક્ષેત્રમાં અગ્રેસર બની સફળતાઓના શિખર સર કરી રહી છે તે આ સદીની આગવી ઓળખ બની છે.

આ સંમેલનને સંબોધતાં ધારાસભ્ય શ્રી અશોક પટેલે નારીશકિતના ઉત્થાન માટે સરકારે હાથ ધરેલા સર્વાંગી અભિયાનની વિગતો આપી હતી.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી આશિષ દવેએ કસ્તૂરબા પૂરક પોષણ યોજના સહિત મહિલાઓના ઉત્થાન માટે સરકારે લીધેલા મહત્વના પગલાંઓનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે સરકારે ૫૦થી પણ વધુ યોજનાઓ તેના બજેટમાં સમાવી છે.

તેમણે શહેરમાં રચાયેલા ૧૨૬ સખી મંડળો થકી આગામી દિવસોમાં શહેરના અર્થકારણમાં મહિલાઓની સક્રિયતા વધશે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે મહેમાનોનું સ્વાગત કરતાં ન્યુનિ. કમિશનરશ્રી જી.આર. ચૌધરીએ જણાવ્યું હતું કે મનપા હજુ નવું છે સ્વચ્છતાની કામગીરી ઉપરાંત ઘણું બધું કરવાનું છે તેમાં સૌનો સહયોગ જરુરી છે. તેમણે જણાવ્યું હતું કે મહિલાઓની સક્રિયતા સમાજને વધુ જાગ્રત અને સમરસ બનાવશે. આ પ્રસંગે પક્ષના નેતાશ્રી મનુભાઈ પટેલે પણ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

આ કાર્યક્રમમાં કાઉન્સીલરો શ્રી અશ્વિન વ્યાસ, શ્રીમતિ રમીલાબેન પરમાર દર્શનાબેન અડાલજા, પ્રવિણાબેન દરજી સહિતના આગોવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ખૂણે... ...ખાંચરેથી

- જિલ્લાના બદલાયેલા અધિકારીઓના નામ અને હોદ્દાઓમાં પદાધિકારીઓએ આજે વનમહોત્સવ સહિત જુદા જુદા કાર્યક્રમમાં ભારે ઘોટાળા કર્યા હતા.
- મનપાના કાર્યક્રમમાં ઈનામ વિતરણ વખતે કોર્પોરેશન અને પક્ષના આગેવાનો આગળ આવતાં જિલ્લા કલેકટરને સ્ટેજના ખૂણામાં જઈ ઉભા રહેવું પડયું હતું.
- મનપાએ તેના મુખ્ય કાર્યક્રમને અંતે સૌ ઉપસ્થિતિ ધરાવતા આગેવાનોને છોલે પુરી અને માઝૂમ જમાડયા હતા.
- દિકરી દિવસની ઉજવણીમાં ટાઉનહોલ ભરાયેલો જોવા મળે તે માટે પંચાયતના તમામ કર્મચારીઓને ફરજીયાત હાજર રખાયા હતા.
- સે-૧ના તળાવ પર યોજાયેલી મહાઆરતી તેમજ મધરાત્રે યોજાયેલ આતશબાજીમાં લોકોની હાજરી નોંધનીય હતી.

જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લા કક્ષાના ૬૫મા વન મહોત્સવની ઉજવણી આજરોજ ગુજરાત પોલીસ એકેડેમી, કરાઈ ખાતે કરાવામાં આવી હતી. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યાગ બોર્ડના અધ્યક્ષ શ્રી વાડીભાઈ પટેલના હસ્તે પોલીસ એકેડેમી, કરાઈ સંકુલ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી રૂપે આજરોજ ૨૫ વિવિધ વૃક્ષોના ચાર-પાંચ વર્ષના કુલ- ૨૧૦૦ છોડોનું રોપણ કરવામાં આવ્યું છે.

આ -સંગે ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યાગ બોર્ડના અધ્યક્ષ શ્રી વાડીભાઈ પટેલે જણાવ્યું હતું કે, આપણી ભારતીય સંસ્કૃતિમાં વૃક્ષોનું આગવું મહત્વ બતાવવામાં આવ્યું છે. જેના કારણે આજે પણ આપણા આંગણામાં તુલસી કયારાનું અલગ સ્થાન આપવામાં આવ્યું છે. રાજયમાં કૃષિ વિકાસ સાથે ઔદ્યોગિક વિકાસ પણ ખૂબ જ જરૂરી છે. ગુજરાત રાજય સરકાર દ્વારા ઔદ્યોગિક વિકાસ સાથે રાજયના પર્યાવરણમાં સંતુલન જળવાઈ રહે તે માટે સુચારુ આયોજન કરવામાં આવ્યું છે. રાજય સરકાર દ્વારા થોડાક વર્ષોથી રાજયના અલગ અલગ જિલ્લામાં રાજય કક્ષાના વન મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. જેના થકી જે તે જિલ્લાના સામાન્ય નાગરિકોમાં વૃક્ષ બચાવો અંગેની જાગૃતિ તો આવી જ છે, પણ સાથે સાથે સાંસ્કૃતિક વનોનો વિકાસ થયો છે.

આ -સંગે મહાનુભાવો હસ્તે કરાઈ પોલીસ એકેડેમી સંકુલમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. તેમજ શાળાના બાળકો દ્વારા પણ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે આભારવિદ્યી રેન્જ ફોરેસ્ટ અધિકારી શ્રી બી.આર. સોલકીએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વન વિભાગના કર્મયોગી હેમંત સુથારે કર્યું હતું.

આ -સંગે ગુજરાત પોલીસ એકેડેમીના વડા શ્રી અતુલ કરવલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન, ગુજરાત ઈકોલોજી કમિશનના શ્રી સંપત, નિવાસી અધિક કલેકટર શ્રી એમ.ડી. મોડિયા, શહેર ભાજપના -મુખ શ્રી નિતીનભાઈ પટેલ, મહામંત્રી શ્રી હિતેષભાઈ પટેલ, તાલુકા પંચાયત -મુખ શ્રી કાળુસિંહ ઠાકોર, કરાઈ ગામના સરપંચ શ્રી રીન્કુબેન સહિત કરાઈ સંકુલના પોલીસ જવાનો, વનકર્મીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

(તસવીર : દિપક જાની)

નગરના સ્થાપના દિનની ઉજવણીને કોંગ્રેસે બિરદાવી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના ૫૦મા સ્થાપના દિવસની ઉજવણી અન્વયે શહેરમાં વૃક્ષારોપણ ઘંટનાદ, રેલી તેમજ મહિલા જાગૃતિ લક્ષી કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. શહેરના આ બર્થડે સેલિબ્રેશનમાં નગરની વિવિધ સંસ્થાઓ સહિત નગરના સ્થાનિક આગેવાનો અને રાજકીય પક્ષોના અગ્રણીઓ પણ જોડાયા હતા. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પણ આ તમામ કાર્યક્રમોમાં સહયોગી બળ પુરું પાડવામાં આવ્યું હતું.

કોર્પોરેશન દ્વારા જન્મદિવસની ઉજવણી અન્વયે બિલ્ડીગને રોશની કરવામાં આવી હતી જયારે વૃક્ષારોપણ અને રેલીનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આ તબક્કે મહાનગરપાલિકા કોંગ્રેસ પક્ષ દ્વારા પણ નગરજનોને સ્થાપના દિનની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. મહિલા જાગૃતિ અને મહિલા સશકિતકરણના અભિયાનને કોંગ્રેસના અશ્વિન વ્યાસ, શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલ તેમજ ચિમન વિઝુંડાએ બિરદાવી સહાયક બળ પુરું પાડવા જણાવ્યું હતું.

દ્વારકામાં ફરી આઠ ઈંચ વરસાદ ખાબક્યો

સોરઠી ડેમ ઓવરફલો થતાં પાંચ ગામો એલર્ટ કરાયા : દ્વારકામાં ૩૬ કલાકમાં ૨૮ ઈંચ પાણી વરસ્યું : મેઘરાજા મનમુકીને વરસતાં સોઢાણા, અડવાણામાં પણ પાંચ ઈંચ જેટલો વરસાદ : નદી નાળાઓ છલકાયા

પોરબંદર, તા.૦૨

ગઈકાલ રાતથી આજે સવારમાં મેઘરાજાએ અનરાધાર વરસવાનું શરૂ કર્યું હતું. માધવપુર (ઘેડ) પંથકના ગામડાઓમાં સવારથી ધોધમાર વરસાદ શરૂ થયો હતો સાંજ સુધીમાં આઠ ઈંચ જેટલો વરસાદ ખાબકતા પંથકમાં પાણી ફરી વળ્યા હતા. બરડા પંથકના ગામડાઓમાં પણ ચારથી પાંચ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. બરડા ડુંગરમાં પણ પાંચ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. જો કે, પોરબંદર શહેરમાં ધીમીધારે બે ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. પોરબંદરનો સોરઠી ડેમ ઓવલફલો થયો હતો અને તેના લીધે પાંચ ગામોને એલર્ટ કરાયા હતા.

જ્યારે ગરેજ, મૈયારી, કડછ અને અમીપુર સહિતના ગામડાઓમાં અનરાધાર વરસતા આઠ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. જેને પગલે આ સમગ્ર પંથકમાં વરસાદી પાણી ભરાયા હતા. કુતિયાણા પંથકને પણ આજે મેઘરાજાએ ઘમરોળી નાંખ્યો હોય તેમ બપોરથી સાંજ સુધીમાં પાંચ ઈંચ વરસાદ પડ્યો હતો, તો રાણાવાવ તાલુકામાં પણ પાંચ ઈંચ વરસાદ પડતા નદી, નાળા અને વોંકળ બેકાબુ બનીને વહેવા લાગ્યા હતા.

દ્વારકામાં ગઈકાલે ૧૮ ઈંચ પાણી વરસાવીને જળબંબાકાર કરી દીધા બાદ પણ મેઘારાજએ વિરામ લીધો ન હતો અને ગત સાંજથી આજે સવાર સુધીમાં વધુ આઠ ઈંચ પાણી વરસાવી દેતાં દ્વારકામાં છેલ્લા ૩૬ કલાકમાં ૨૮ ઈંચ પાણી વરસી ગયું છે જ્યારે સોરઠ પંથકમાં પણ મેઘસવારી યથાવત રહી છે અને ગઈકાલે સાંજથી આજે સવાર સુધીમાં જુનાગઢ શહેર, કેશોદ, વંથલી, માણાવદર, માળિયા હાટીના, માંગરોળ અને ભેંસાણમાં વધુ ચાર ઈંચ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત વિસાવદર અને મેંદરડામાં વધુ અઢી ઈંચ પાણી વરસ્યું હતું. ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળમાં દોઢ ઈંચ, તાલાળામાં એક ઈંચ, ગીરગઢડામાં પોણો ઈંચ, ઉનામાં અર્ધો ઈંચ, વરસાદ નોંધાયો છે. મેઘરાજાએ સૌરાષ્ટ્રનું પાક અને પાણીનું ચિત્ર પલટાવી દીધું છે. સૌરાષ્ટ્રમાં રોજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર, પોરબંદર, ભાવનગર, મોરબી અને જામનગર સહિતના જિલ્લાઓમાં આજે સવારે સુર્યનારાયણે દર્શન દેતા સૌરાષ્ટ્રમાં સર્વત્ર વરાપ નીકળી છે. આજે સવારથી ક્યાંક તડકો છે તો ક્યાંક છુપછાવભર્યો માહોલ જોવા મળી રહ્યો છે. જ્યારે અમરેલી જિલ્લામાં ગઈકાલે સાંજથી રાત્રી સુધીમાં ક્યાંક ઝરમર તો ક્યાંક હળવા ઝાપટાં વરસ્યા હતા. સર્વત્ર સારા વરસાદના પગલે ભાદર-૧ સહિત ૨૫ જળાશયોમાં નવા નીરની આવક થઈ છે.

શબ્દાવલી - ૫૪૬૬

૧	૨	૩		૪	■	૫	૬
૭			■	૮	૯		
૧૦		■	૧૧	■	૧૨		
	■	૧૩		૧૪	■	■	■
■	૧૫		■	૧૬	૧૭	૧૮	૧૯
૨૦				■	૨૧		
	■		■	૨૨		■	
૨૩			■	૨૪			

આડી ચાવી

૧. સરખું, પ્રતિસ્પર્ધી (૫)
૫. વેરો, લાગો (૨)
૭. જગ્યા, માગ, એકનામ(૩)
૮. ઝળહળ, ઝગમગાટ વાળુ(૪)
૧૦. નાના લાકડાઓનો સમુહ બાંધેલો હોય તે (૨)
૧૨. કમાવું, મહેનત મજુરી કરવી (૩)
૧૩. પેન, લખાણ (૩)
૧૫. વજન (૨)
૧૬. બંદુક કે તોલના દારૂને સળગાવવાનો કાકડો - પલીતો(૪)
૨૦. પવનપુત્ર, અંજનીસુત (૪)
૨૧. રમત..., રમતુ-ગમતું (૩)
૨૨. કાંતવાનું કહેવું (૨)
૨૩. મુસળ, ખાંડવાનું એક સાધન (૩)
૨૪. ફટકડી (૪)

ઊભી ચાવી

૧. સમાનભાવ (૪)
૨. મોતીયો, એક ફુલનું નામ(૩)
૩. રાન, જંગલ (૨)
૪. ઉપયોગનું અંગ્રેજી (૨)
૫. પંકજ, એક ફુલ (૩)
૬. કોઇ વાત મનાવવા સતત રગ્યા કરવું (૩)
૯. ફળનો માવો, ફળનો ગર્ભ (૨)
૧૧. ઠંડીમાં ઓઢવાનું વસ્ત્ર (૨)
૧૩. મુરઝાયેલું (૫)
૧૪. આનંદ, ફન (૨)
૧૫. સૂર્ય, ભાસ્કર (૨)
૧૭. ક્ષુલ્લક, શુદ્ર (૪)
૧૮. દુઃખ, દર્દ (૨)
૧૯. પદ્ધતિસર (૪)
૨૦. નાવ ચલાવવા... જોઇએ(૩)
૨૨. એક ધાતુ (૨)

શબ્દાવલી ૫૪૬૫ના જવાબ

આડી ચાવી :- (૧) સરગવો (૪) જાલીમ (૬) રસદાર (૭) વાડજ (૮) તાલ (૯) અસવાર (૧૨) માણ (૧૩) એકાએક (૧૬) કારગત (૧૮) દ્યણ (૧૯) લગડી

ઊભી ચાવી :- (૧) સલવાર (૨) ગરજ (૩) વોસ (૪) જાર (૫) મજાલ (૮) તારણ (૯) અનુકરણ (૧૦) એકાદા (૧૫) સગડી (૧૭) તલ

મહિલા સમિતિ સશકિતકરણ સંમેલનનું આવતીકાલે આયોજન

મહિલા વિકાસના વિવિધ કાર્યક્રમોનું આયોજન : રાજ્યની ૨૭૬૨ પાણી સમિતિઓને પ્રોત્સાહક અનુદાન મુખ્યપ્રધાનના હસ્તે અપાશે

ગાંધીનગર, તા.૦૨

સમાજની નારી શકિતને સામર્થ્યવાન બનાવવાના હેતુસર મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે મહિલા સશક્તિકરણનું ઐતિહાસિક અભિયાન ઉપાડ્યું છે. તદનુસાર રાજ્ય અને જિલ્લા કક્ષાએ મહિલા વિકાસના અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

તા. ૧લીથી ૧૫મી ઓગસ્ટ-૨૦૧૪ સુધી નારી સશક્તિ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. ગતિશીલ ગુજરાતના મહિલા સશક્તિકરણના ઐતિહાસિક અભિયાન અંતર્ગત આ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે તા. ૪થી ઓગસ્ટના રોજ સવારે ૧૧:૦૦ કલાકે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાનાર મહિલા પાણી સમિતિ સશક્તિકરમાં રાજ્યની ૨૭૬૨ પાણી સમિતિઓને રૂા. ૨૭.૬ કરોડનું સ્વનિર્ભરતા અનુદાન મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે એનાયત કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્રામ્યકક્ષાએ પીવાના પાણીની યોજનાઓનું અમલીકરણ અને તેના સંચાલન માટે મહિલાઓને પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે. જેના સારા પરિણામે જોવા મળ્યા છે. સમગ્ર દેશમાં ગુજરાતી પાણી સમિતિઓ શ્રેષ્ઠ બની રહી છે. રાજ્યમાં હાલ ૭૪૧૧૪ મહિલાઓ વિવિધ ગામોની પાણી સમિતિ સાથે સંકળાયેલી છે જ્યારે ૨૬૧૦ પાણી સમિતિમાં ૫૦ ટકા મહિલા સભ્યો પ્રતિનિધી ધરાવે છે.

નાયબ કલેક્ટર સંવર્ગના અધિકારીઓની બઢતી બદલીનો ગોઠવાતો તખ્તો

ગાંધીનગર, તા. ૨

રાજ્યના અધિક કલેક્ટર કક્ષાના અધિકારીઓની બદલીનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને એક બે દિવસમાં જ બદલીઓનો દોર શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ૧૦ જેટલા અધિક કલેક્ટર કક્ષાના અધિકારીઓને આઈ.એ.એસ. કેડરમાં નોમીનેશન મળવાનું છે. જેના કારણે આ જગ્યાઓ ખાલી પડનાર છે.

આથી ખાલી પડનારી અધિક કલેક્ટર સંવર્ગની જગ્યાઓ ભરવા માટે બઢતી અને બદલીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અંદાજે ૧૫ જેટલા નાયબ કલેક્ટર કક્ષાના અધિકારીઓને અધિક કલેક્ટર તરીકે બઢતી આપવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

અધિક કલેક્ટર ઉપરાંત નાયબ કલેક્ટર સંવર્ગના અધિકારીઓની પણ બઢતી અને બદલી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને આગામી એક બે દિવસમાં બઢતી બદલીનો ઘાણ કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

લોકોત્સવમાં ફેરવાયો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અને થાળીના રણકાર સાથે સમગ્ર શહેર ગુંજી ઉઠયું હતું. ઘ-૪ સર્કલે પણ મોટી સંખ્યામાં એકત્રિત થયેલા શહેરીજનોએ નાસિક ઢોલની સંગત સાથે ગરબે ઘુમવાની મજા પણ માણી લીધી હતી. એકબાજુ આતશબાજીના લીધે આકાશ રંગીન બન્યું હતું. સ્વર્ણિમ પાર્કના વિસ્તારમાં આતશબાજી, ઢોલનગારા અને થાળીના રણકાર સાથે ચિચિયારીઓ કરતા યુવાનોએ નગરના બર્થ ડે સેલીબ્રેશનને વધુ રંગીન બનાવી દીધું હતું. આ દરમિયાન રાત્રિના ૧૨ કલાકે કેક કાપીને ગાંધીનગરને ૫૦મા જન્મદિવસની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.સે-૨૧ લક્ષ્મી બેકરી દ્વારા અદભૂત કેક તૈયાર કરવામાં આવી હતી જયારે મધુર ડેરીના સહયોગથી નગરજનોને ૫૦ કીલો પેંડાનું વિતરણ કરી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. નગરના જન્મદિવસની ઉજવણી લોકોત્સવમાં ફેરવાઈ હતી. આ દરમિયાન નગરની વિવિધ સંસ્થાઓના પદાધિકારીઓ રાજકીય અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. ગાંધીનગરના ૫૦મા સ્થાપના દિનની ઉજવણી અન્વયે લોકોત્સવનું સંકલન કલ્ચરલ ફોરમે કર્યું હતું.

સર્વક્ષેત્રમાં નંબર વન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હોવાનો અહેસાસ કરાવતાં તેમણે કહ્યું હતું કે અહિં પંચાયત કે અન્ય કોઈ સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું માળખુ હતું નહિ એટલે પડકાર મોટો જરુર છે. આ બાબત સરકાર જાણે છે અને એટલે જ મનપાને પૂરક બની રહી છે પરંતુ મનપા સત્તાઓની ચિંતા નહિ સોંપાયેલી સેવાને વધુ સુદૃઢ કરે તે જરૂરી છે.

આ પ્રસંગે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ પ્રાસંગિક ઉદબોધનમાં મંજૂર કરાયેલ સ્ટાફ પેટર્નમાં ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું જણાવી સ્વચ્છતા પ્રોજેકટમાં થયેલ કામગીરી વર્ણવી હતી.

પ્રારંભમાં કમિશનરશ્રી જી.આર.ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જયારે આભારવિધિ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી આશિષ દવેએ કરી હતી.

આ પ્રસંગે પ્રભારી સચિવશ્રી ડાગુર, જિલ્લા કલેકટર શ્રી રવિશંકર તેમજ અન્ય અધિકારીઓ અને અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે વિવિધ સ્પર્ધાના વિજેતાઓને ઈનામો એનાયત કરાયા હતા.

સ્થાપના દિન ઉજવાયો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ધારાસભ્ય અશોક પટેલ, ધર્માધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રી, થર્મલ પાવર સ્ટેશનના મુખ્ય ઈજનેર એમ. સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. તક્તિપૂજન બાદ પ્રભારી સચિવના હસ્તે કેક કાપીને નગરના જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ દરમિયાન ગેસ્ટ હાઉસ માટે જમીન આપનાર મૂળ માલિકોના વારસદારો બાબુભાઈ જોઈતારામ પ્રજાપતિ, વિઠ્ઠલભાઈ પ્રજાપતિ, દોલાજી ઠાકોરનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શિક્ષકો તેમજ પ્રથમ ૫૦ સનદ ધારકોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. જન્મદિવસની ઉજવણીના પ્રસંગે પ્રભારી સચિવ એમ. એસ. ડાગુરે સ્વચ્છતાના સંકલ્પને બળવત્તર બનાવી શહેરને હરિચાળુ અને નમુનેદાર બનાવવાની જહેમત ઉઠાવવા જણાવ્યું હતું. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે નગરના વિકાસ માટે પ્રયત્નશીલ રહેલા તેમજ વણઉકેલ્યા પ્રશ્નોના ઉકેલની દિશા તરફ પ્રયત્નશીલ રહેવા જણાવ્યું હતું. જન્મદિવસની ઉજવણીના સમારંભ દરમિયાન સાહિત્યકાર કેશુભાઈ દેસાઈ, કીશોર જીકાદરા, પૂર્વ કલેક્ટર એમ. સી. નાયર, બી.એ. શુકલ, નિલેન્દુ વોરા, કશ્યપ મહેતા, ચેતના બુચ સહીતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમારંભના અંતે ઘ-૬ થી ઘ-૫ વચ્ચે તેમજ ચ-૩ ખાતે વિદ્યાર્થીઓ, નાગરિકોનું અભિવાદન કરી શુભેચ્છા પાઠવી હતી. જેમાં સેન્ટ ઝેવિયર્સ સંકુલના ફાધર હેક્ટર, શેઠ પી.એમ. હાઈસ્કૂલના આચાર્ય બચુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.